# ગઝલ

## કુલદીપ કારીયા

### .1.

કોઈ ભુલથી આડે હાથે મુકી દીધેલા ચશ્માં શોધે,
એવી રીતે મારી આંખો બે-ત્રણ જુના સપનાં શોધે.

એમ જ કાયમ હું ને ઈશ્વર એકબીજાને શોધ્યા કરતા,
બચ્ચું એની માને શોધે, મા પણ એના બચ્ચાં શોધે.

શબ્દોની સીમાને લક્ષ્મણ–રેખા સમજી બેઠી દુનીયા,
આંખોને હું જેલ કહું તો તરત આંખમાં સળીયા શોધે !

હીમાલયની જેમ જ, ત્યાં પણ બરફ ઉગે એ સાચી વાત,
કીન્તુ એવો તર્ક લઈને તું ફ્રીઝરમાં ગંગા શોધે?

કેવી ગરમીથી પીડાયા છે આ લોકો જરા જુઓ તો !
મેં નીસાસો નાખ્યો તો સહુ મારી અંદર પંખા શોધે !

### .2.

આ રીતે મેં હાલ ઘરનું મન મનાવ્યું છે,
ભીંત પર અજવાસનું પોસ્ટર લગાવ્યું છે.

મારું બચપણ રોજ સાંજે પ્રશ્ન પુછે છે,
આભમાં આ સંતરું કોણે ચગાવ્યું છે ?

આંખ છે અડધી સુકાયેલી નદીનો પટ,
સ્મીતનું ચ્હેરા ઉપર ટેટુ છપાવ્યું છે.

જો તમારી આંખમાં દમ હોય તો જુઓ,
મેં હવા પર 'આઈ લવ યુ' કોતરાવ્યું છે.

તું બરાબર વાંચ, તારું નામ આમાં છે,
ભાગ્ય મેં માથે ઉભા રહીને લખાવ્યું છે.

સેવ થાતો જાય અનુભવ, જાત થાય અપડેટ,
જીવવાનું કમ્પ્યુટર જેવું બનાવ્યું છે

**.3.**

હવે તમારું જીવન લમણાઝીંક વગરનું છે,
નવા વરસનું કેલેન્ડર તારીખ વગરનું છે.

વાત અહીંથી ક્યાંય જશે નૈ, છોડી દે ચીંતા,
જે ઘરમાં તું બેઠો છે એ ભીત વગરનું છે.

આજ ખરેખર જનમ્યા પહેલાં મરી ગયું જંગલ,
ઉગી ગયું છે ઝાડ; પરન્તુ બીજ વગરનું છે.

મારા ઘરનું ડીમોલીશન બહુ જ અઘરું છે,
એનું ચણતર ઈંટ અને કોન્ક્રીટ વગરનું છે.

તારી આંખોની અંદર આવીને કરવું શું ?
કે એમાં દરીયાનું હોવું બીચ વગરનું છે !

**.4.**

ઝાટક્યો પલંગ ત્યાં તરત બહાર નીકળ્યા,
ઓશીકાની ખોળમાંથી પણ વીચાર નીકળ્યા !

કેટલાક આગીયા સુરજથી તેજમય હતા,
એ વળી રુવા-રુવાની આરપાર નીકળ્યા !

બ્લેડથી બચી ગયા છતાંય લોહી નીકળ્યું,
રુનાં પુમડાં હતાં જે ધારદાર નીકળ્યાં !

આંખ આસપાસ ચીહ્ન રૈ ગયાં છે આજ પણ,
શીતળાની જેમ આંસુ એકવાર નીકળ્યાં !

જેવી રીતે કોઈ બેડરુમમાંથી નીકળે,
એ રીતે અમે શરીરમાંથી બા’ર નીકળ્યા.

**.5.**

આજે ભલેને ચોતરફ એનો વીરોધ છે,
મારી ગઝલની કુંડળીમાં રાજયોગ છે.

મેં ખોલી શબ્દસૃષ્ટીની અગીયારમી દીશા,
દીક્પાલને ય એટલી વાતે જ ક્રોધ છે.

આવા હજી હજાર અખતરા કરીશ હું,
ખુશ્બુ ઉગાડવાનો આ પહેલો પ્રયોગ છે.

તારા ઉપર લખી રહ્યું છે કોણ જીન્દગી,
પૃથ્વી મને જણાવ કે તું કોનો બ્લોગ છે ?

‘કુલદીપ’ને તું પી શકે દરરોજ સ્હેજ સ્હેજ,
જોજે, બહુ પીતો નહીં, એ હેવી ડોઝ છે.

## .6.

જોઈ શકાતું હોય જો ધુમ્મસની આરપાર,
તો દશ્ય પણ વહી શકે, નસનસની આરપાર.

અજવાળું ઉગશે, હજારો વાર ઉગશે,
અંધારું નીકળ્યું ભલે ફાનસની આરપાર.

એણે કહેલો માર્ગ ક્યાં સમજી શક્યું કોઈ !
ખીલાની જેમ સૌ ગયા જીસસની આરપાર.

પુછો નહીં કે એ પછી આકાર શો થયો
ચારેય રેખા વીસ્તરી ચોરસની આરપાર.

સાચી ગઝલ હશે તો કશું પણ થશે નહીં,
તલવાર જઈ શકે નહીં તાપસની આરપાર.

સંબંધ આપણો કદી જાહેર ના થયો,
એક આગ આવી નૈ કદી બાકસની આરપાર.

## .7.

ચશ્માંને એક વાતનો અફસોસ માય નૈ,
ખુશ્બુ બીલોરી કાચથી કેન્દ્રીત થાય નૈ.

અવકાશમાં અવાજ કોઈ સાંભળે નહીં,
મેગેઝીનોમાં કોઈ દી કલરવ છપાય નૈ.

થોડીક લાગણી અમે પીરસી તો એ કહેઃ
'મારે તો ડાયેટીંગ છે', મારે જરાય નૈ !

લીલાશ ફુટે કેમ મને એ જ પ્રશ્ન છે,
પાણી, પ્રકાશ છે જ નૈ, ટીપું હવાય નૈ.

ટેબલ બનેલા વૃક્ષ પર બેઠી છે પાનખર,
કેવો સ્વભાવ છે કે મરે તોય જાય નૈ ?

નભને બધા તારામાં નીચાજોણું થઈ ગયું,
'કુલદીપ' આટલું બધું ઉંચે જવાય નૈ.

**.8.**

બે-ત્રણ કીરણ કરતાં વધુ ચોરી ન થઈ શકે,
આખા સુરજની કોઈથી કૉપી ન થઈ શકે.

આકાશમાંથી છીપમાં હર જન્મમાં પડે,
એક ટીપું કે જે કોઈ દી' મોતી ન થઈ શકે.

કપમાં ભરીને પીઉં છું અફસોસ એ જ કે,
તારા કડક સ્વભાવની કૉફી ન થઈ શકે.

શું એને ફેવીક્વીકથી ચોંટાડી દીધી છે ?
કે ભુખ પેટથી કદી નોખી ન થઈ શકે ?

ટેટુની જેમ જીભ પર ત્રોફાવશે બધા,
સૌરાષ્ટ્ર જેવી ક્યાંય પણ બોલી ન થઈ શકે.

**.9.**

ઝાડવું ને સ્ટ્રીટલાઇટ પાસપાસે છે,
જોઈએ કે કોને–કોનો ચેપ લાગે છે !

વાદળાં આકાશમાં વ્યાપેલ ખેતર છે,
કોઈ એને ખેડીને પાણી ઉગાડે છે.

બારી પાસે જો નથી કાતર તો શેનાથી,
એ સ્વયંના કદ મુજબ આકાશ કાપે છે !

વ્હેતા પડછાયામાં નાહી લો ધરાઈને,
સારું છે, તમને નદીનું સપનું આવે છે.

બારણાં પાસે બધાં દૃશ્યો થયાં ભેગાં,
જલ્દી અંદર ઘુસવા સૌ ધક્કા મારે છે.

એફબી પર જઈ અને સુંઘી શકે છે સૌ,
ફુલ જે ઘરથી હજારો ગાઉ આઘે છે.

હુંફમાં પણ મેળવણ જેવી અસર છે કે,
ભાન ખોવાતું જતું ને ઉંઘ જામે છે.

## .10.

તું અને આ શુદ્ધ અંધારું ખપે, બીજુ કશું રાખી નથી શકતા,
બેડરુમમાં સ્ટ્રીટલાઈટનુંય અજવાળું અમે સાંખી નથી શકતા.

કાનને કે આંખને કે ચામડી કે પેનને પણ સ્વાદગ્રંથી છે,
આ જગતમાં કેટલુંક એવુંય છે જે જીભથી ચાખી નથી શકતા.

સૌ પ્રથમ ચશ્માં કરાવ્યાં ને પછી મેં લેન્સ પ્હેરીનેય જોયું છે,
આવનારા સંજોગો કેવા હશે એ સ્હેજ પણ ઝાંખી નથી શકતા.

આંખમાં તીરાડ જેવું છે જ નૈ ને તોય કીરણો માર્ગ શોધી લે,
પાંપણોને કચકચાવો તોય તે સરખી રીતે વાંખી નથી શકતા.

સામે ઉભાં ગામડાંનું શું થશે આ વ્હેણ જોઈને કહો જોશી,
હસ્તરેખા જેવા બબ્બે કાંઠા જોઈને તમે ભાંખી નથી શકતા?

ના, અમે કંજુસ તો હરગીઝ નથી; પણ મોસમી મજબુરી છે, 'કુલદીપ',
એટલી ગરમી છે ખીસ્સામાં કે એમાં હાથ પણ નાખી નથી શકતા.

કવીસમ્પર્ક:
કુલદીપ કારીયા
'ભવાની કૃપા' 2- વીદ્યુત નગર, પ્લોટ નં.37, રૈયા રોડ, રાજકોટ-360 007
મોબાઇલ નંબર: 940 940 4796 ઈ.મેલ – kuldeepkaria@gmail.com

'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. –ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : દસમું – અંક : 301 – July 27, 2014
'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

Gujarati Lexicon

## ગુજરાતીલેક્સિકોન હવે નૂતન રૂપરંગમાં...!

વિશ્વના 110થી વધુ દેશમાં વપરાતી અને લોકચાહના પામેલી ગુજરાતીલેક્સિકોન વેબસાઇટ આજે તેનો નવો અવતાર રજૂ કરતાં આનંદ અનુભવે છે. પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે અને આજના બદલાતાં જતાં ટેક્નૉલૉજીના યુગમાં હંમેશાં નવીનતમ ટેક્નૉલૉજી સાથે કદમથી કદમ મિલાવવા જરૂરી છે. લોકચાહના, ઉપયોગિતા અને આધુનિક પરિવેશને ધ્યાનમાં રાખીને આજે ગુજરાતીલેક્સિકોન વેબસાઇટની આકર્ષક, સરળ, સુગમ અને વધુ ઉપયોગી નૂતન આવૃત્તિની રજૂઆત કરવામાં આવી છે.

નવા રૂપરંગ પામેલી ગુજરાતીલેક્સિકોન.કોમ વેબસાઇટની મુખ્ય વિશેષતાઓ :

- ડેસ્કટોપ, ટેબલેટ અને મોબાઇલ એમ દરેક સ્ક્રિન સાઇઝમાં ફીટ થઈ જાય તેવો કોમ્પેક્ટ ડિઝાઇન લેઆઉટ
- સ્ક્રિન સ્ક્રોલ કર્યા વગર શોધવામાં આવેલા શબ્દના પ્રારંભિક અર્થની રજૂઆત
- એક જ ક્લિક દ્વારા તમારા મનગમતાં શબ્દો કે અર્થને સોશિયલ બુકમાર્કિંગ દ્વારા તમારા મિત્રો સુધી પહોંચાડવાની સુવિધા
- નયનરમ્ય કલર-કૉમ્બિનેશન અને આકર્ષક લોગો

સંપૂર્ણતઃ યૂઝર ફ્રેન્ડલી રચના..

આજે મુલાકાત લો : http://www.gujaratilexicon.com/welcome/index

18 July, 2014

નવ વરસથી ચાલતી આ 'સ.મ.'ની 'વાચનયાત્રા–સુ'માં આજે આ 297મી રચના મોકલાઈ રહી છેએની સઘળી રચનાઓની .. 'ઈબુક્સ' અગીયાર થઈ છે અને તે સઘળી મફત ડાઉનલોડ કરવા અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/ebooks/ પર, સાથેસાથે http://www.ekatrafoundation.org/books/ પર અને http://aksharnaad.com/downloads/ પર પણ મુકાઈ ગઈ છે જે આપ સૌ જાણો છો.

હવે એમાંથી 80 જેટલી .મ.સ'' તો 'ગઝલો–કાવ્ય'ની મુકાઈ હાઈકુ ,અછાંદસ ,મુક્તકો ,ગીતો ,સોનેટ ,જેમાં ગઝલો ! રચનાઓનું ભારોભાર વૈવીધ્ય છેગઝલરસીયા વાચકોના આગ્રહને . 'કાવ્યસૃષ્ટી–ગઝલ' અમે બીજી બે ઈબુક્સ ,વશના નામે બનાવી પહેલી બુક : તે બન્ને ઈબુક્સ હવે ફ્રી ડાઉનલોડ થઈ શકે તે માટે , http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part1.pdf લીંક પર અને બીજી બુક http://gujaratilexicon.com/upload/ebooks/Gazal_Kavya_Colllection_Of_SeM_Part2.pdf લીંક પર મુકી છે ..ક્લીક કરશો કે તરત જ બુક ડાઉનલોડ થવા માંડશે અને તે પછી તેને ,તમે ચાહો તે સ્થળે સેવ કરી ,તેમાંની સમર્થ કવીઓની હજારેક જેટલી રચનાઓ માણી શકશો .ડાઉનલોડ ને સેવનો વીધી ન ફાવે તો મને લખજો .. બન્ને બુક્સ હું તમને મોકલી આપીશ ..મધુ ગજ્જર.ઉત્તમ...uttamgajjar@gmail.com

@@@@@

More than 3,09,84,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 32,32,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 6,67,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@